બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને આપવામાં આવતા
અનુદાન બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૮૭/૨૧૭૪/ ગ.
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૪-૧૦-૧૯૮૯

વાંચ્યા લીધા ::-

૧: શિ. વિ.નો. તા.૨૯-૯-૭૭નો ઠરાવ ક્રમાંક:જીએસી/૧૦૭૭/૩૪૦૬૭/ગ.
૨: શિ. વિ.નો તા. ૨૦-૧૧-૭૮નો ઠરાવ ક્રમાંક:જીએસી/૧૦૭૭/૪૯૧૭૭/ગ.
૩: શિ. વિ.નો.તા. ૯-૫-૮૦નો ઠરાવ ક્રમાંક: જીએસી/૧૦૭૭/૨૮૨૬૨/ગ.
૪: શિ. વિ.નો તા.૨૯-૩-૮૬નો ઠરાવ ક્રમાંક:જીએસી/૧૦૭૭/૬૬૮૦૨/ગ.
૫: શિ. વિ.નો તા.૧૪-૮-૮૭નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૭/૨૧૭૪/ગ.

'' ઠ રા વ ''

સરકારશ્રીના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક:૫ ઉપર દર્શાવેલ તા.૧૪-૮-૮૭નો ઠરાવ બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડે છે.

૨/- સરકારશ્રીના ઉપરોક્ત તા.૧૪-૮-૮૭ના ઠરાવથી બિન-સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની ગ્રાન્ટ અંગે જે હુકમો કરવામાં આવેલ છે તેમાં સંસ્થાને ૧૯૮૬-૮૭ના વર્ષમાં નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની જે રકમ ગ્રાન્ટ તરીકે ચુકવવામાં આવેલ હોય તે રકમ આગળના વર્ષો માટે બીજો હુકમ થતાં સુધી ચાલુ રાખવાનું ઠરાવેલ છે.જે શાળાઓ ૧૯૮૬-૮૭ના વર્ષમાં પુર્ણ કક્ષાની શાળા તરીકે ન હતી તેવી શાળાના બીજા વર્ષમાં થયેલ ક્રમિક વર્ગ વધારા માટે રોકવામાં આવેલ સ્ટાફના પગાર ખર્ચને જુના પગાર ધોરણમાં જે ખર્ચ થાય તેના ઉપર નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણી ખર્ચ ઉપર ગ્રાન્ટ આપવાનું ઠરાવેલ છે.

૨/- ગ્રાન્ટ પેટર્નમાં સુધારો કરવા અંગે સરકારશ્રીએ જે સમિતિ નીમેલ છે તેની મીટીંગમાં ચર્ચા કરવામાં આવ્યા મુજબ સમિતિ નવી ગ્રાન્ટ પેટર્ન અંગે તેનો આખરી અહેવાલ આપે ત્યાં સુધી ૧૯૮૬-૮૭ના વર્ષ બાદ જે જે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો થયેલ હોય તેવી શાળાઓને નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણી માટે જે વધારાનું ખર્ચ ભોગવવું પડે છે તેને પહોંચી વળવા માટે સંસ્થાઓને વધારાની ગ્રાન્ટ મળવી જોઈએ તેવી રજુઆતોને ધ્યાનમાં લઈને વચગાળાની રાહત તરીકે તા.૧૪-૮-૮૭ ના ઠરાવમાં સુધારો કરીને એવું ઠરાવવામાં આવે છે કે ૧૯૮૬-૮૭ના વર્ષ બાદ જે જે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો

-// ૨ //-

૩૧૧૫૦
૧૫૮

અનુદાન



....વધારોકરવામાં આવેલ હોય તેવી શાળાઓને વર્ગ વધારાના કારણે પે પેકેટમાં થયેલ વધારા માટે (જુના પગાર ધોરણ મુજબ) નિભાવ ગ્રાન્ટ તથા મકાન નિભાવણીની રકમ ગ્રાન્ટ પેટર્ન અંગે છેવટના હુકમો ન થાય ત્યાં સુધી ચાલુ રાખવી.આ માટે ૧૯૮૬-૮૭ના વર્ષના જુના પગાર ધોરણ મુજબ પે પેકેટની જે ખર્ચની વિગતો છે તેના આધારે જે જે શાળાઓમાં વર્ગની સંખ્યામાં વધારો કરવામાં આવેલ હોય તેવી શાળા વધારેલ વર્ગ દીઠ નીચે પ્રમાણે રકમ સંસ્થાએ ખરેખર કરેલ ખર્ચને ધ્યાનમાં લઈને આપવી..

(૧) એક વર્ગનો વધારો થયેલ હોય તો અને જો એક શિક્ષક વધેલ હોય તો. — રૂ.૧,૮૦૦/-

(૨) એક વર્ગનો વધારો થયેલ હોય તો અને બે શિક્ષકોનો વધારો થયેલ હોય તો. — રૂ. ૩,૬૦૦/-

મુજબ જેટલા વર્ગો વધેલ હોય તેના કારણે જેટલી સંખ્યામાં શિક્ષકો વધ્યા હોય તે પ્રમાણેની રકમ સંસ્થાએ કરેલ ખરેખર ખર્ચની સામે ૧૯૮૬-૮૭ના વર્ષની ખરેખર મળેલ રકમ ઉપરાંત વધારાની રકમ તરીકે ગ્રાન્ટ તરીકે ચુકવવી.તે મુજબ ૧૯૮૬-૮૭ના વર્ષ પછી કોઈ શાળામાં વર્ગ ઘટાડો થયેલ હોય તો તે વર્ગ ઘટાડાના પ્રમાણમાં ૧૯૮૭-૮૮ અને ત્યાર પછીના વર્ષમાં ગ્રાન્ટમાં ઘટાડો કરવો. આવી શાળાઓને ૧૯૮૬-૮૭ ના વર્ષની સ્થગિત કરેલ રકમ આપવાનું ચાલુ ન રાખવું. બાકીની શરતો તા.૧૪-૮-૮૭ના ઠરાવ મુજબ યથાવત રહે છે.

૪/- આ ઉપરાંત કોઈ શાળાએ ભાડાના મકાનને બદલે જો પોતાના મકાનમાં શાળા ૧૯૮૬-૮૭ ના વર્ષ પછી બદલેલ હોય તો શાળાના મકાન નિભાવણીની રકમ મકાનની કિંમતના પાંચ ટકા અથવા કાર્યપાલક ઈજનેરના વ્યાજબી ભાડાના પ્રમાણપત્રની રકમ અથવા ૧૯૮૬-૮૭ ના વર્ષમાં ચુકવેલ મકાનનિભાવણીની રકમ ત્રણમાંથી જે ઓછુ હોય તે પ્રમાણે ચુકવવું.

૫/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૨-૧૦-૮૯ ના રોજ સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ.મ.સુતરીયા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ,

[illegible]